અપીલ અરજી નં.૧૨૦ તા.૩૦–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રામપાલ ગાડોદીયા
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે)અનેજાહેરમાહિતીઅધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામપાલ ગાડોદીયા ની તા.૨૯–૬–૦૯ ની અરજીથી સાથે તા.૨૩–૬–૦૯ ના પત્રથી રજૂ કરેલ વોર્ડ નં.૩૨/એ અઠવાઝોન/રે..સ નં.૭૧ શ્રી રાધા કૃષ્ણ ઈન્ડ. કો.ઓ. હા. સો.લિ., ઉધના મગદલ્લા રોડ, સુરતના માર્જીન પ્લોટ (ઓપન પ્લોટ) ઉપર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ કરી વેચી મારવામાં આવેલ છે અથવા તો ભાડે આપવામાં આવેલ છે તેવા ગેરકાયદેસર બાંધકામ માટે સોસાયટી વિરુધ્ધ કાનૂની કાર્યવાહી કરેલ છે? કઈ કઈ તારીખે અને શું કાર્યવાહી કરવામાં આવી હતી તે અને નોંધની પ્રમાણિત નકલ, વિગેરે મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૩૦–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૨૦/૨૦૦૯–૧૦

શ્રી રામપાલ ગાડોદીયા ની તા.૨૯–૬–૦૯ ની અરજીથી સાથે તા.૨૩–૬–૦૯ ના પત્રથી રજૂ કરેલ વોર્ડ નં.૩૨/એ અઠવાઝોન/રે..સ નં.૭૧ શ્રી રાધા કૃષ્ણ ઈન્ડ. કો.ઓ. હા. સો.લિ., ઉધના મગદલ્લા રોડ, સુરતના માર્જીન પ્લોટ (ઓપન પ્લોટ) ઉપર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ કરી વેચી મારવામાં આવેલ છે અથવા તો ભાડે આપવામાં આવેલ છે તેવા ગેરકાયદેસર બાંધકામ માટે સોસાયટી વિરુધ્ધ કાનૂની કાર્યવાહી કરેલ છે? કઈ કઈ તારીખે અને શું કાર્યવાહી કરવામાં આવી હતી તે અને નોંધની પ્રમાણિત નકલ, વિગેરે મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં નહી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૨ તા.૪–૮–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે)અનેજાહેરમાહિતીઅધિકારી (અઠવાઝોન)ને પત્ર પઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૬–૦૯ ની અરજીથી સાથે પત્ર ક્રમાંક ૨૦૦૯/આર.પી.જી./૧૮ તા.૨૩–૬–૦૯ ના રોજના મુદ્દા ક્રમાંક ૧ થી ૧૩ પત્રથી રજૂ કરેલ વોર્ડ નં.૩૨/એ અઠવાઝોન/રે..સ નં.૭૧ શ્રી રાધા કૃષ્ણ ઈન્ડ. કો.ઓ. હા. સો.લિ., ઉધના મગદલ્લા રોડ, સુરતના માર્જીન પ્લોટ (ઓપન પ્લોટ) ઉપર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે મુદ્દા નં.૧ સદર સોસાયટીના પ્રમુખ અને કારોબારી સભ્યો ધ્વારા માર્જીનમાં પ્લોટો એસએમસીની મંજુરી લીધા વિના મોટા પ્રમાણમાં ગેરકાયદેસર બાંધકામ કરી વેચી મારવામાં આવેલ છે અથવા તો ભાડે આપવામાં આવે છે તેવા ગેરકાયદેસર બાંધકામ માટે સોસાયટી વિરુધ્ધ કાનૂની કાર્યવાહી કરેલ છે? કઈ કઈ તારીખે અને શું કાર્યવાહી કરવામાં આવી હતી તે અને નોંધની પ્રમાણિત નકલ, મુદ્દા નં.ર સદર સોસાયટી અને એસએમસી વચ્ચે રે.સ. નં.૨૩૬ /૧૯૯૫ થી દાવો ચાલી રહયો છે તે દાવો કયા વિષય ઉપર ચાલી રહયો છે અને તે દાવો કોર્ટમાં કોણે દાખલ કર્ય હતો? મુદ્દા નં.૩ સદરહુ દાવા બાબતે નામદાર કોર્ટે આજ દિન સુધી કોઈ હુકમ કરેલ છે? જો કોઈ આદેશ કર્યો હોય તો આદેશની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૪ સોસાયટી તરફથી નામદાર કોર્ટમાં તેમની શું રજૂઆત છે અને તેમનું શું કહેવું છે તેની જાણકારી અને સોસાયટી તરફથી નામદાર કોર્ટમાં કરેલ જવાબ, કાગળો અને નકશાની પ્રમાણિત નકલ. મુદ્દા નં.પ સદરહુ કોર્ટ પ્રકરણમાં એસએમસીએ તેમની તરફથી કઈ રજૂઆત જવાબ કાગળો નામદાર કોર્ટમાં આપ્યા છે તેનું વિવરણ કોર્ટમાં કરેલી રજૂઆત, જવાબ કાગળની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૬ સોસાયટી અને એસએમસી વચ્ચે નામદાર કોર્ટમાં દાવા પ્રકરણ રે. સ. નં. ૨૩૬/૧૯૯૫ થી ચાલે છે તો શું નામદાર કોર્ટે કોઈ મનાઈ હુકમ આપેલ છે? જો મનાઈ હુકમ આપવામાં આવેલ ન હોય તો સોસાયટીએ સીઓપીમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ કેમ રોકવામાં આવતુ નથી. મુદ્દા નં.૭ સોસાયટીએ ૧૯૯૫ થી આજ દિન સુધી માર્જીન પ્લોટોમાં મોટા પ્રમાણમાં ગેરકાયદેસર બાંધકામ ચાલુ કરેલ છે તે કયાર સુધી રોકવામાં આવશે? તે ગેરકાયદેસર બાંધકામ એસએમસી દુર કરી કયાર સુધીમાં સીઓપી ખુલ્લો કરી દેશે? તે બાબતે એસએમસીના કયા નીતિ નિયમો છે તેની પ્રમાણિત નકલ મુદ્દા નં.૮ સોસાયટીએ કરેલ ગેરકાયદેસર બાંધકામ અંગે એસએમસીને કોઈ ફરીયાદ મળેલ છે? જો ફરીયાદ કરેલ હોય તો શું કાર્યવાહી કરી છે. જો કોઈ નોટીસ આપવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ મુદ્દા નં.૯ નામદાર કોર્ટમાં ૧૯૯૫ થી દાવા પ્રકરણ ચાલી રહયું છે તો સોસાયટીએ સીઓપીમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે નામદાર કોર્ટે ગેરકાયદેસર કામ રોકવા માટે કોઈ હુકમ કરેલ છે? જો નહીં હોય તો ગેરકાયદેર બાંધકામ કેમ રોકવામાં આવ્યું નથી. મુદ્દા નં.૧૦ સોસાયટીના માર્જીન ઓપન પ્લોટ પર બાંધકામની તપાસ કરવાની તથા રોકવાની જવાબદારી ધરાવતાં અધિકારીઓના નામ, હોદ્દો, સરનામું અને સંપર્ક નંબરની માંગણી કરેલ છે. મુદ્દા નં.૧૧ આ સોસાયટીમાં માર્જીન ઓપન પ્લોટમાં કયું કયું બાંધકામ આપની જાણકારી વિના અને મંજુરી વિના કરેલ છે અને તે ગેરકાયદેસર બાંધકામ જો આપના ખાતાના નિતીનિયમો વિરુધ્ધ છે અને નાગરિકો માટે જોખમકારક કે ખતરનાક છે તે કયારે આપની જાણમાં આવ્યું તેના ઉપર શું કાર્યવાહી કરી તેનું પુરું વિવરણ તથા તેને દુર કરી નિયમોનુસાર કયાર સુધીમાં ખુલ્લુ કરવામાં આવશે? મુદ્દા નં.૧૨ સદર સોસાયટીએ માર્જીન પ્લોટ પર શેડ નં.૨૨–એ, ૪૧–એ, ૫૬–એ,૭૧–એ, અને ૮૫–એ તથા નવી દુકા નં.૧ થી ૩૯ ના ગોડાઉનોમાં ગેરકાયદેસર બાંધકામ કરેલ છે તે એસએમસીના ધ્યાન ઉપર કયારે આવ્યું અને તે ગેરકાયદેસર બાંધકામને કેમ હટાવવામાં આવ્યું નથી? તથા નાગરિકોને જોખમકારક અને ખતરનાક ગેરકાયદેસર બાંધકામ અત્યાર સુધી સીલ કરેલ છે? મુદ્દા નં.૧૩ આપના વિભાગની રેકોર્ડની તેવા ભાગની પ્રમાણિત ફોટો કોપી આપો જેમાં ઉપરોકત વિષય ઉપર કાર્યવાહી કરી અધિકારીઓએ ટીપ્પણી/નોંધ લખી હોય નામદાર કોર્ટમાં રે.સ. નં.૨૩૬/૧૯૯૫ સબંધી કાગળો અને ફાઈલની નોંધ વિભાગની પ્રમાણિત નકલ તથા ઉપરોકત વિષયમાં મહાનગરપાલિકાએ કરેલ કાર્યવાહી તથા નિરીક્ષણની પ્રતિદિન કાર્યવાહી અર્થાત દૈનિક પ્રગતિ રીપોર્ટની પ્રમાણિત નકલની માંગણી કરેલ છે. ઉપરોકત વિષયે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોય તેવું જણાતું નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી રામપાલ ગાડોદીયા, ઈ–૧૧૦૨, અમૃતકુંજ એપાર્ટ., ઉમાભવન પાસે, ભટાર રોડ, સુરત....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.